# Press Release by Ministry of Health and Family Welfare (13.03.2020)

March 13, 2020

# આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય દ્વારા પ્રેસ રીલીઝ (13.03.2020)

માર્ચ 13, 2020

રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશો સાથે ભારત સરકારે કોવિડ-19 નાં નિવારણ, ફેલાવા નિયંત્રણ અને વ્યવસ્થાપન માટે કેટલાક આગોતરા, સમયસર અને સક્રિય પગલાઓ લીધા છે. સર્વોચ્ચ રાજકીય અને વહીવટી સ્તરો પર પરિસ્થિતિની સતત સમીક્ષા અને દેખરેખ રાખવાથી યાત્રા નિયંત્રણો, વિઝા મોકૂફ કરવા અને સેલ્ફ-ક્વોરેન્ટાઇનનાં પગલાઓ જેવી જાહેર હિતમાં નિર્ણાયક નિવારણ અને આગોતરી કાર્યવાહીઓ કાયમી બની છે.

પ્રવેશ બિંદુ પર વહેલા જાપ્તો ગોઠવવો અને હવાઈમથકો પર યાત્રાળુઓની અને દરિયાઇ બંદરો પર જહાજોની વૈશ્વિક ચકાસણી, કોવિડ-19 પ્રભાવિત દેશોમાંથી ભારતીય નાગરિકોને પાછા લાવવા, પર્યાપ્ત લેબોરેટરી અને ક્વોરેન્ટાઇન સુવિધાઓએ દેશમાં કોવિડ-19 નાં ફેલાવાને રોકવામાં અને વ્યવસ્થાપનમાં વ્યાપક યોગદાન આપ્યું છે.

સામુદાયિક જાપ્તો, ક્વોરેન્ટાઇન, આઈસોલેશન વૉર્ડ, પર્યાપ્ત પીપીઈ, તાલીબદ્ધ કર્મચારીઓ, ઝડપી પ્રતિભાવ ટૂકડીઓ જેવી તમામ અતિ મહત્વપૂર્ણ સુવિધાઓને તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં વધારે મજબૂત કરવામાં આવી રહી છે.

અત્યાર સુધીમાં, ભારત દ્વારા માલદીવ, મ્યાનમાર, બાંગ્લાદેશ, ચીન, યુએસ, માડાગાસ્કર, શ્રીલંકા, નેપાળ, દક્ષિણ આફ્રિકા અને પેરું જેવા દેશોમાંથી 48 વિદેશી નાગરિકો સહિત 1031 વ્યક્તિઓને સ્થળાંતરિતા કરી પરત લાવવામાં આવ્યા છે.

આજની તારીખ સુધીમાં, કોવિડ-19 પ્રભાવિત દેશોમાંથી સ્થાળાંતરિત કરીને લાવવામાં આવેલા 890 વ્યક્તિઓને પ્રોટોકોલ અનુસાર 14 દિવસોનાં આઈસોલેશન બાદ અને નેગેટિવ ટેસ્ટ આવ્યા બાદ ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે.

ચીનનાં વુહાનથી 1 ફેબ્રુઆરી અને 3 ફેબ્રુઆરી 2020 નાં રોજ સ્થળાંતરિત કરીને લાવવામાં આવેલા 654 વ્યક્તિઓને 18 ફેબ્રુઆરી 2020 નાં રોજ ડિસ્ચાર્જ કરવામાં આવ્યા હતા.

ટેસ્ટનાં બીજા રાઉન્ડમાં કોવિડ-19 માટેની ટેસ્ટ નેગેટિવ આવ્યા બાદ જાપાનથી સ્થળાંતરિત કરીને લાવવામાં આવેલા 124 અને ચીનથી લાવવામાં આવેલા 112 વ્યક્તિઓને આજે ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે.

ભારત સરકારે કોવિડ-19 થી ભારે પ્રભાવિત કોઈપણ દેશમાંથી ભારતીય નાગરિકોને સ્થળાંતરિત કરીને પરત લાવવા માટે અવિરત કાર્ય કર્યું છે. ભારત દ્વારા વૈજ્ઞાનિકો, લેબોરેટરીઓ માટેનાં સાધનો અને રીએજન્ટ્સ મોકલ્યા છે અને દેશમાં ટેસ્ટિંગ માટે નમુનાઓ પરત લાવ્યા છે. અત્યાર સુધીમાં, ઈરાનમાંથી 1199 નમુનાઓ લેવામાં આવ્યા છે અને ટેસ્ટિંગ માટે ભારત લાવવામાં આવ્યા છે.

ભારતીય એર ફોર્સ દ્વારા સંચાલિત એ વિશેષ ફ્લાઈટ દ્વારા 10 માર્ચ 2020 નાં રોજ ઈરાનથી 58 યાત્રાળુઓને પરત લાવવામાં આવ્યા હતા. ભારત દ્વારા ઈરાનથી લોકોને પાછા લાવવા માટે મહાન એર ફ્લાઈટને પણ સુવિધા પ્રદાન કરી આપી છે, અને આજે 44 યાત્રાળુઓ સાથેની એક ફ્લાઈટનું મુંબઈમાં આગમન થયું છે. આ યાત્રાળુઓને મુંબઈમાં નૌસેનાની સુવિધા પર ક્વોરેન્ટાઈનમાં રાખવામાં આવી રહ્યા છે. બીજી મહાન એર ફ્લાઈટનું આવતી કાલે દિલ્હીમાં આગમન થવાનું અપેક્ષિત છે. જરૂરીયાત અનુસાર, ટેસ્ટ નેગેટિવ આવી હોય તેવા ભારતીયોને પરત લાવવા માટે વધારે આવી વિશેષ ફ્લાઈટોનું સંચાલન કરવામાં આવશે. ભારત દ્વારા પ્રોટોકોલ અનુસાર ઈરાનમાં પોઝિટિવ ટેસ્ટ આવી હોય તેવા લોકોની સારવારમાં પણ સંકલન કરવામાં આવી રહ્યું છે.

સરકારે આરોગ્ય મંત્રાલયમાંથી ચાર ડૉક્ટરોની એક ટૂકડીને પણ રોમ મોકલી છે. તેઓ હમણા જ પર્યાપ્ત સામગ્રીઓ અને રીએજન્ટ્સ સાથે ત્યાં વસતા ભારતીયોનાં નમુનાઓ લેવા રોમ પહોંચ્યા છે જેઓનું આગળનું ટેસ્ટિંગ ભારતમાં કરવામાં આવશે.

આ ઉપરાંત, 30 નિર્ધારિત હવાઈમથકો પર 10,876 ફ્લાઈટોનાં કુલ 11,71,061 યાત્રાળુઓની ચકાસણી કરવામાં આવી છે. 3,062 યાત્રાળુઓ અને 583 સંપર્કમાં આવનાર વ્યક્તિઓની ઓળખ કરવામાં આવી હતી અને આઈડીએસપી/ નિર્ધારિત હોસ્પિટલ પર રેફર કરવામાં આવ્યા હતા. 42,296 યાત્રાળુઓને સામુદાયિક જાપ્તા હેઠળ રાખવામાં આવ્યા છે, જેમાંથી 2,559 લક્ષણો ધરાવતા હતા અને 522 વ્યક્તિઓને હોસ્પિટલમાં ભરતી કરવામાં આવ્યા હતા. નાના અને મોટા દરિયાઈ બંદરો પર વધારે 25,504 યાત્રાળુઓની ચકાસણી કરવામાં આવી છે, અને 14 લાખ કરતા વધારે લોકોની જમીની મથકો પર ચકાસણી કરવામાં આવી છે.

આજ સુધીમાં, દેશમાં 81 પુષ્ટિ થયેલા કોવિડ-19 નાં કેસ છે. તેમાંથી કેરાલાનાં 3 વ્યક્તિઓનો ઈલાજ કરી અને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત, સફદરજંગમાં 7 વધારે વ્યક્તિઓ પણ સાજા થયા છે. આ પુષ્ટિ કરાયેલા કેસમાંથી, 64 કેસ ભારતિય નાગરિકો છે, 16 ઈટાલિયન નાગરિકો છે અને 1 કેનેડિયન નાગરિક છે. આ કેસોનાં સંપર્કમાં આવનારા વ્યક્તિઓની શોધખોળ સક્રિય રીતે કરવામાં આવી રહી છે. અત્યાર સુધીમાં, આનાંથી 4000 કરતા વધારે સંપર્કોની ઓળખ થઈ છે જેઓને જાપ્તા હેઠળ રાખવામાં આવ્યા છે.

પુષ્ટિ કરાયેલા કેસમાં દેશમાં કોવિડ-19 થી થયેલા પ્રથમ મૃત્યુંનો પણ સમાવેશ થાય છે. કર્ણાટકનાં 76-વર્ષની ઉંમરનાં વ્યક્તિનું મૃત્યું કો-મોર્બિડિટીઝ એટલે કે અસ્થમા અને હાઈપરટેન્શનને કારણે થયાની પુષ્ટિ થઈ છે અને તેની કોવિડ-19 ની ટેસ્ટ પણ પોઝિટિવ આવી હતી. સંપર્કમાં આવેલા લોકોની ચકાસણી અને ઘર પર

ક્વોરેન્ટાઇન થવા જેવા પ્રોટોકોલ અનુસારનાં તમામ સાવચેતીનાં પગલાઓ કર્ણાટક રાજ્યનાં આરોગ્ય વિભાગ દ્વારા લેવાની શરૂઆત કરવામાં આવી છે અને નજીકથી દેખરેખ રાખવામાં આવી રહી છે.

તેવું પુનઃઉચ્ચારણ કરવામાં આવે છે કે ભારતીય નાગરિકોને તમામ બિન-અગત્યની વિદેશ યાત્રાઓ ટાળે અને સરકાર દ્વારા જારી કરવામાં આવેલી યાત્રા માર્ગદર્શિકામાં જણાવ્યા અનુસાર મોટા પ્રમાણમાં કેસ અને મૃત્યું રીપોર્ટ કરતા દેશોમાં યાત્રા કરવાનું ટાળવા માટે ભારપૂર્વકની સલાહ આપવામાં આવે છે. ભારત પરત આવી રહેલા તમામ આંતરરાષ્ટ્રિય આગંતુકોએ તેઓનાં આરોગ્ય પર સ્વયં દેખરેખ રાખવી જોઈએ અને સરકાર દ્વારા વિગતવાર જણાવવામાં આવેલી કરવાની અને નહીં કરવાની આવશ્યક બાબતોનું પાલન કરવું જોઈએ.

તાવ, સૂકી ઉધરસ, શ્વાસ લેવામાં મુશ્કેલી પડવી જેવાં કોઈપણ ચિહ્નો/લક્ષણોનાં કિસ્સામાં, કૃપા કરીને ડૉક્ટરની મુલાકાત લો અથવા મંત્રાલયની 24X7 હેલ્પલાઈન પર કૉલ કરો. ડૉક્ટરની મુલાકાતે જતી વખતે બહાર નીકળતા પહેલા માસ્ક પહેરવાનું યાદ રાખો.

DISCLAIMER : This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.